જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૯૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૩૮,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૩૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૭ બિયર ટીન અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ સમાચાર યાદી નં.૨૧૯૩/૨૦૨૨

**ખોખરાઃ** જયેશભાઇ સુરેશભાઇ વ્યાસ (રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી ભાગ-૧, લક્ષ્મીનારાયણ ચાર રસ્તા, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૨ કલાક ૬/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૨ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

## કેનાલમાં પડી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૧૯૪/૨૦૨૨

**સરખેજઃ** વેજલપુર ફતેવાડી મસ્તાન મસ્જીદની સામે સાંઇનનગર ખાતે રહેતા શાનુભાઇ રહેમતાલી સૈયદ નાઓનો અગિયાર વર્ષનો પુત્ર સમદ શાનુભાઇ સૈયદ તા.૦૬/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રમતા રમતા સરખેજ ગુલુમસ્તાનની દરગાહ પાછળ, ફતેવાડી કેનાલમાં પડી જતા ડુબી જતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૧૯૫/૨૦૨૨

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રોનક ઉર્ફે કાન્યો સંજયભાઇ સોની (ઉ.વ.૨૮)(રહે.કાશીબાની ચાલી, મહાકાળી મંદિર સામે કરશનનગર ગેટ નંબર-૧૩ ની અંદર, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા એન.આઇ.ડી.પાછળ રીવરફ્રન્ટ વોક-વે રેમ્પ નંબર-૩ નજીક નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટ**ઃ જયેશકુમાર રાકેશભાઇ નાયી (ઉ.વ.૨૫)(રહે.સરસ્વતિનગર લક્ષ્મીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-૧ પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૮ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**શાહપુર**ઃ રાજેશભાઈ લીલાભાઈ દાતણિયા (ઉ.વ.૩૫)(રહે.શંકરભુવન છાપરા શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદિયા ચલાવે છે.

**નારોલ**ઃ રાહુલ અમરસીંઘ કુશવાહ (ઉ.વ.૨૧)(રહે.શ્રીરામ રેસીડન્સી મહીન્દ્રા શો-રૂમ પાસે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી